Process Safety **Beacon**

Messages for Manufacturing Personnel

www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# સંવેદનશીલતાની ભાવના – એક ખૂબ જ મહત્વપૂર્ણ સુરક્ષા ઘટક

જૂન-૨૦૨૩




સલ્ફ્યુરિક એસિડનું સંચાલન કરતા પ્રક્રિયા વિસ્તારમાંથી પસાર થતી એક વ્યક્તિએ એક ઓપરેટરને નાઈટ્રોજન નળીને ડિસ્કનેક્ટ કરવાની તૈયારી કરતા જોયો. ઓપરેટરે વિસ્તાર માટે જરૂરી સંપૂર્ણ અંગત સંરક્ષણાત્મક સાધનો(પીપીઈ)પહેર્યા ન હતા, જેમાં ફેસ શિલ્ડનો સમાવેશ થતો હતો. વ્યક્તિએ અટકી, પરિસ્થિતિ સમજાવી અને ઓપરેટરે સ્વેચ્છાએ તેનું પાલન કર્યું. પ્રથમ વ્યક્તિ માત્ર થોડા વધુ પગલાંઓ જ દૂર ગયો હતો ત્યાં તેણે સલ્ફ્યુરિક વિસ્તારમાંથી 'અવાજ' અને 'પ્રવાહી છૂટવાનો અવાજ' સાંભળ્યો. ઓપરેટર એસિડમાં તરબોળ હતો અને તેને નજીકના સલામતી શાવર સુધી લઈ જવામાં આવ્યો.

ઓપરેટરની જાણ બહાર, સલ્ફ્યુરિક એસિડનું નાઈટ્રોજનની નળીમાં બેકઅપ થઈ ગયું હતું. જ્યારે તે ડિસ્કનેક્ટ થઈ ગયું, ત્યારે દબાણને કારણે ઓપરેટરના ચહેરા અને શરીર પર એસિડનો છંટકાવ થયો. ઓપરેટરને તેની ગરદન પર માત્ર નાના કેમિકલ છાંટાથી દાઝયો હતો કારણ કે જરૂરી પીપીઈ પહેરવામાં આવ્યું હતા.

તપાસ દરમિયાન, ઓપરેટરની ફેસ શિલ્ડ ગંભીર રીતે કાટ ગયેલી હોવાનું જાણવા મળ્યું હતું અને જ્યાં એસિડ છટકાવ થયો હતો તે કેન્દ્રમાં તેના ડાઘ હતા. જો ઓપરેટરે ફેસ શિલ્ડ ના પહેર્યું હોય તો, ઓપરેટર ગંભીર રીતે દાઝી ગયો હોત અને તેની દ્રષ્ટિ કાયમ માટે ગુમાવી હોત.

શા માટે પ્રથમ વ્યક્તિએ ચાલવાનું બંધ કરી અને ઓપરેટરને સંપૂર્ણ પીપીઈની પહેરવાની યાદ અપાવી ? સંવેદનશીલતાની ભાવના. નિરીક્ષકે નળીમાં એસિડ હોવાની સંભાવના જોઈ, ભલે તેમાં માત્ર નાઈટ્રોજન હોવો જોઈએ.

## શું તમે જાણો છો ?

- "સંવેદનશીલતા" નો અર્થ શું થાય છે ? તેનો અર્થ એ છે કે તમારા પ્લાન્ટમાં દરેક વ્યક્તિ:
  - વિસ્તારમાં સામગ્રી અને પ્રક્રિયાની સ્થિતિઓ (દબાણ, તાપમાન, વગેરે) સાથે સંકળાયેલા જોખમોને સમજે છે.
  - સંવેદનશીલતાઓના લક્ષણો માટે સતત જાગ્રત છે જેમાં આગળ વધુ ગંભીર ઘટનાઓ બનાવની શક્યતા હોઈ શકે છે, જેમ કે નાનકડું લીકેજ જે મુખ્ય લાઈન તૂટવાનું કારણ બની શકે છે.
  - પ્લાન્ટમાં સારી સુરક્ષા કામગીરી હોય તો પણ જાગ્રત રહે છે.
- આપણા અંગત જીવનમાં, સંવેદનશીલતાની લાગણી એ છે કે જે આપણને ખરાબ હવામાનમાં ડ્રાઈવિંગની ગતિ ધીમી કરવા અથવા સીડી પર કામ કરતી વખતે વધુ સાવધ રહેવા માટેનું કારણ બને છે.
- જ્યારે આપણે ઉતાવળમાં હોઈએ ત્યારે આપણે આપણી સંવેદનશીલતાની ભાવના ગુમાવી શકીએ છીએ. જેના કારણે આપણે કેટલાક કામના પગથીયાં ભૂલી જઈએ છીએ અથવા યોગ્ય પીપીઈ પહેરવાનું ભૂલી જઈએ.
- નવા કર્મચારીઓ અગાઉની નોકરી અથવા કંપનીમાંથી તેમની સંવેદનશીલતાની ભાવના લાવી શકે છે. તેનો અર્થ એ કે અમારે તેમની નવી નોકરીમાં જોખમો સમજવામાં તેમને મદદ કરવાની જરૂર પડી શકે છે.
- સંવેદનશીલતાની ભાવના જાળવવી એ સારી પ્રક્રિયા સલામતી સંસ્કૃતિની આવશ્યક લાક્ષણિકતા છે.

## તમે શું કરી શકો ?

- જો તમે જોખમી વર્તણૂક જુઓ, તો રોકો અને વ્યક્તિને પૂછો કે શું તેઓ યોગ્ય કાર્ય પધ્ધતિ અનુસરી રહ્યા છે. તમે કોઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાથી અથવા વધુ ખરાબ થવાથી બચાવી શકો છો
- જો તમે કોઈ કાર્ય કેવી રીતે કરી રહ્યા છો તે વિશે પૂછવા માટે કોઈ તમને રોકે, તો રક્ષણાત્મક ન બનો. તેઓ તમને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના પ્રશ્નોના શાંતિથી જવાબ આપો, કાર્ય કેવી રીતે કરવું તે અંગેના તેમના સૂચનો ને આવકારો અને તમારી સલામતી અંગેની તેમની ચિંતા બદલ તેમનો આભાર માનો.
- જો તમારા વિસ્તારમાં નવા કર્મચારીઓ છે, તો તેમને એકમના જોખમો અને પ્રક્રિયાઓ વિશે તાલીમ આપો. તેમને સુરક્ષિત રાખવામાં સહાય કરો
- ક્યારેય વિચારશો નહીં, "તે અહીં ન થઈ શકે." તે થઈ શકે છે.

**સંવેદનશીલતાની ભાવના – તમારી પ્રક્રિયા સલામતી માટે સૂઝબૂઝની ઢાલ !**

©AIChE 2023. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.